# જાહેર નિવિદા

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ૧૧ માસ ના કરાર આધારીત તદન હંગામી જગ્યાઓ ફીક્સ પગારથી ભરવા માટે તા.૦૫–૦૫–૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમ્યાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જુની કલેકટર કચેરી, ફાસ્ટ ટ્રેક કોર્ટની બાજુમાં, રાજકોટ ખાતે સ્વપ્રમાણિત કરેલ પ્રમાણપત્રો સાથે અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | કરારથી ભરવાની જગ્યાનું નામ | સંખ્યા | માસીક ફીક્સ પગાર રૂા. | શૈક્ષણીક લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | ટેકનીકલ આસીસ્ટન્ટ(તાલુકા કક્ષા) | ૨૦ | ૧૩,૦૦૦/- | ડિપ્લોમાં સિવીલ અને ગર્વન્મેન્ટ/ ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર / પ્રાઈવેટ સેકટર માં ઓછામાં ઓછો ૨ (બે)વર્ષનો અનુભવ |

(૧) શૈક્ષણીક લાયકાત અને અનુભવની શરત સંતોષતા ઉમેદવારોને તેમણે જાહેરાતમાં માંગેલી લઘુતમ શૈક્ષણીક લાયકાતમાં પ્રાપ્ત કરેલા ગુણને અનુલક્ષીને મેરીટ તૈયાર કરી પસંદ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોએ અરજીમાં, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર, જાતી, ઉંમર, કોમ્પ્યુટર અંગેના માન્ય સરકારી સંસ્થાના સર્ટીફીકેટ અને અનુભવના પ્રમાણપત્રો સ્વ પ્રમાણિત કરીને ઉપર જણાવેલ તારીખ પહેલા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે રજી.પોસ્ટ એડી./ સ્પીડ પોસ્ટથી જ પહોંચાડવાની રહેશે. રૂબરૂ તેમજ કુરીયર મારફતે મોકલેલ અરજી સ્વીકારવામાં આવશે નહી. કવર ઉપર જિલ્લા કક્ષા કે તાલુકા કક્ષાની જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ છે તે જગ્યાના નામ સાથે સ્પષ્ટ લખવું.

(૩) જો ઉપરોક્ત તમામ જગ્યાઓ સરકારશ્રી પ્રતિનિયુકિતથી અથવા અન્ય રીતે ભરવાનું નકકી કરેતો સદર તમામ જગ્યાઓ ઉપર કરેલ નિમણુંકો આપો આપ રદ થવાને પાત્ર રહેશે તેની સંબંધકર્તા તમામે અવશ્ય નોંધ લેવી.

(૪) અગાઉ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ કે તાલુકા પંચાયતની આઈ.આર.ડી. શાખામાં નોકરી કરતા હોય તેવા કરાર આધારીત કર્મચારી/અધિકારીને કોઈ પણ કારણોસર અત્રેથી નોકરી માંથી છુટા કરવામાં આવેલ હશે તેમને આ જાહેરાતના અનુસંધાનમાં અરજી કરવાની રહેશે નહી તેમજ અરજી મળશે તો માન્ય રાખવામાં આવશે નહી. નિવૃત અધિકારી/કર્મચારીએ અરજી કરવાની રહેશે નહી.

(૫) દરેક જગ્યા માટે અલગ–અલગ અરજી કરવાની રહેશે. તેમજ દરેક અરજી માટે "NREGA-RAJKOT-DRDA" ના નામનો રૂા.૩૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ (નોન–રીફંડેબલ) બિડાણમાં સામેલ રાખવાનો રહેશે.

(૬) અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વર્ગ, વિચરતી અને વિમુકત જાતી તથા શારીરીક ખોડખાપણ ધરાવતા ઉમેદવારોને ફોર્મ ફી ચૂકવણીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. પરંતુ આવા ઉમેદવારોએ તે અંગેનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

(૭) અરજી ફોર્મમાં અરજદારનું નામ, સરનામું, જન્મ તારીખ, મોબાઈલ નંબર/ફોન નંબર, જાતિ, શૈક્ષણીક લાયકાત કોમ્પ્યુટરની જાણકારીની વિગતો અને અનુભવની વિગતો આપવાની રહેશે.

(૮) ટેકનીકલ આસીસ્ટન્ટની જગ્યા માટે બાંધકામનો અનુભવ માન્ય રહેશે. ઉમેદવારોનો અનુભવ નો સમયગાળો લઘુતમ શૈક્ષણિકલાયકાત પૂર્ણ થયા બાદનો જ માન્ય ગણવામાં આવશે.

(૯) નિમણુંક કરવા કે બદલી કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીના સક્ષમ અધિકારીશ્રીને રહેશે. જે બાબતે કોઈ પણ વિવાદ ધ્યાને લેવામાં આવશે નહી.

(૧૦) નિયત મહેનતાણા ઉપર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી અને કર્મચારી કોઈપણ જાતના નોકરીમાં કાયમી થવાના હકક–દાવા કરી શકશે નહી.અને કોર્ટનો આશરો લઈ શકશે નહી.

(૧૧) ઉમેદવારે ભરતી પ્રક્રિયામાં નિમણુંક માટે કોઈપણ જાતની લાગવગ કે ભલામણ કરવામાં આવશે તો ઉમેદવારી ગેરલાયક ઠેરાવવામાં આવશે.

(૧૨) ઉમેદવારની અરજીની તારીખે વય મર્યાદા ૧૮ વર્ષ થી ઓછી નહી અને ૪૫ વર્ષથી વધુ નહી તે મુજબ હોવી જોઈએ.

(૧૩) લાયકાત પરીપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો માટે www.drdarajkot.com વેબસાઈટ પર જાહેરાત અને નિયત અરજી પત્રક પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉમેદવારે નિયત અરજી પત્રક માં જ અરજી કરવાની રહેશે.

નિયામક

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ